# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૭ અંક : ૨૯૬ તા.૧૭-૦૮-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# મીડકેપ અને સ્મોલકેપ શેરોમાં રોકાણકારોનું ભારે ધોવાણ થઈ ગયું

મુંબઈ શેરબજારના અટકચાળાને કારણે ગયા અઠવાડિયે મીડકેપ અને સ્મોલકેપ શેરોમાં રોકાણકારોનું ભારે ધોવાણ થઈ ગયું. શેરબજાર અને અન્ય રેગ્યુરેટરી સંસ્થાઓ આ રીતે અટકચાળા માટે જાણીતી છે. આજથી થોડા વર્ષો પહેલા ૧૯૯૬માં ફુલગુલાબી તેજી ચાલતી હતી ત્યારે પણ મુંબઈ શેરબજારે અટકચાળો કર્યો હતો અને લગભગ બે વર્ષ માટે બજાર મંદીમાં સરી ગયેલું. આ વખતે એટલી સારી વાત છે કે બે દિવસમાં જ મુંબઈ શેરબજારને પોતાની ભૂલ ખબર પડી ગઈ અને પોતે જે નિયમ બહાર પાડેલો તેમાં મોટો બદલાવ કરી નાખ્યો, પરંતુ તે દરમ્યાન અસંખ્ય લોકોના લાખો અને કરોડો રૂપિયા ધોવાઈ ગયા અને જે મીડકેપ શેરોમાં જોરદાર તેજી ચાલતી હતી તેમાં મોટો ઘટાડો આવ્યો. ઈચ્છીએ કે ભવિષ્યમાં આ રીતે શેરબજારો અટકચાળો કરવાનું બંધ કરે.

ગયા અઠવાડિયા દરમ્યાન **તાતા ઇન્વેસ્ટમેન્ટ**ના શેરમાં કરેકશન થવા છતાં પણ નેટ પોઝિટિવ ટ્રેન્ડ જોવાયો છે. ગયા અંક વખતે રૂ. ૧૨૭૯ના ભાવે તાતા ઈન્વેસ્ટમેન્ટનો શેર લેવાની વાત કરી હતી અને અત્યારે વધીને રૂ. ૧૩૦૩ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂ. ૧૩૨૩ અને તે પછી ધીરે ધીરે રૂ. ૧૪૦૪નો ભાવ જોવા મળવાની ગણતરી છે.


તે જ પ્રકારે **એલએન્ડટી ઇન્ફોટેક**નો શેર કમાઈ આપશે તેમ દર્શાવેલું અને ગયા અંક વખતે એલએન્ડટી ઈન્ફોટેક રૂ. ૪૭૬૩ ઉપર હતો અને અત્યારે વધીને રૂ. ૪૮૬૩ ઉપર આવ્યો છે એટલે કે ખરાબ માહોલ વચ્ચે પણ તેમાં રૂ. ૧૦૦નો વધારો થયો, આવતા થોડા દિવસોમાં રૂ. ૪૯૪૯ અને તે પછી ધીરે ધીરે રૂ. ૫૦૦૫નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. જ્યારે તેની નાની બહેન **માઇન્ડ-ટ્રી** પણ અત્યારે ફુલગુલાબી તેજીમાં છે. ગયા અંક વખતે આ શેર રૂ. ૨૮૪૨ના ભાવે લેવાની વાત કરી હતી અને શેર અત્યારે રૂ. ૨૯૨૧ ઉપર આવ્યો છે. આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૨૯૪૯ અને તે પછી ધીરે ધીરે રૂ. ૩૦૧૩નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ સ્પષ્ટ રીતે **તાતા કેમિકલ્સ**ના શેરમાં શિફ્ટ થયું છે. તાતા કેમિકલ્સ અત્યારે રૂ. ૮૭૯ ઉપર આવ્યો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૮૯૦ અને તે પછી ધીરે ધીરે રૂ. ૯૦૯નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

**એયુ સ્મોલ ફિનાન્સ બેંક**ના શેરમાં આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂ.

## શોર્ટટર્મ એન્ગલથી **ટેક મહિન્દ્રા**ના શેરમાં મજબૂત આકર્ષણ શરૂ થયું છે






૧૩૨૬ ઉપર આવેલા આ શેરમાં આગામી દિવસોમાં રૂ. ૧૩૪૩નો ભાવ આવી જવાની ગણતરી અને તે પછી ધીરે ધીરે રૂ. ૧૩૯૩નો ભાવ પણ જોવા મળશે.

ગુજરાતમાં બનાસકાંઠા ખાતે તેલ શારકામ શરૂ કરવા આગળ વધતી **વેદાંતા**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂ. ૩૨૯ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૩૩૪ અને તે પછી ધીરે ધીરે રૂ. ૩૫૨નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

જર્મન કંપની **બાસ્ફ**નો શેર ધ્યાનમાં રાખવો, આ કંપની લેધર અને ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે ખાસ કેમિકલ્સ બનાવે છે અને તેની વિશ્વભરમાં મોનોપોલી કહી શકાય. બાસ્ફ અત્યારે રૂ. ૩૬૬૬ ઉપર ચાલે છે અને તેમાં થોડા દિવસોમાં રૂ. ૩૭૫૭ અને તે પછી ધીરે ધીરે રૂ. ૩૯૭૯નો ભાવ જોવા મળવાની સંભાવના છે. તે જ પ્રકારે બીજી જર્મન કંપની **સીમેન્સ**ના શેરમાં પણ સુંદર આકર્ષણ છે. સીમેન્સ અત્યારે રૂ. ૨૨૪૫ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૨૨૯૨ અને તે પછીના ઉછાળે રૂ. ૨૪૪૪નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. થોડાક શેરો લઈ શકાય.

બજાજ ગ્રૂપના શેરોએ આ વર્ષે રોકાણકારોને જોરદાર રિટર્ન આપ્યું અને તેમાં ગયા અઠવાડિયા સુધી બજાજ ફિનસર્વના શેરમાં તેજી હતી પરંતુ હવે **બજાજ હોલ્ડિંગ**ના શેરમાં ખેલાડીઓ સક્રિય થયા છે. અત્યારે રૂ. ૪૧૯૭ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૪૨૮૨ અને તે પછી ધીરે ધીરે રૂ. ૪૫૮૫નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

નવી દિલ્હીની **એસઆરએફ** બ્રેક વગરની ગાડીની જેમ દોડ્યે જાય છે. થોડા મહિના પહેલા રૂ. ૧૮૦૦ આસપાસ પડી રહ્યો હતો અને અત્યારે રૂ. ૮૮૫૬ ઉપર આવી ગયો છે. એસઆરએફના શેરમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૮૯૬૯ અને તે પછી રૂ. ૯૨૫૨નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

**હિકલ**ના શેરમાં પણ સુંદર આકર્ષણ દેખાય છે. અત્યારના રૂ. ૬૯૬ના ભાવના આ શેરમાં આગામી દિવસોમાં રૂ. ૭૧૦ અને તે પછીના ઉછાળે રૂ. ૭૫૫ના ભાવની સંભાવના મજબૂત.

બેરિંગના ઉત્પાદનમાં વિશ્વસ્તરે ટોચનું નામ જર્મન કંપની **સ્કેફલર**ના શેરમાં પણ જોરદાર આકર્ષણ છે. અત્યારના રૂ. ૬૮૧૫ના ભાવના આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૬૯૫૩ અને તે પછીના ઉછાળે રૂ. ૭૩૬૩નો ભાવ આવી જાય તો નવાઈ નહિ લાગે.

**પિરામલ એન્ટરપ્રાઇઝ**નો શેર પણ આગામી દિવસોમાં ખૂબ સુંદર રિટર્ન આપી શકશે. ફિનાન્સના ધંધામાં ખૂબ મોટું કામકાજ ધરાવતી અને દેવાના બોજામાં ફસાયેલી દીવાન હાઉસીંગ પીરામલે હસ્તગત કર્યા પછી ફિનાન્સના માર્કેટમાં તેનું કદ ઘણું મોટું થઈ ગયું. પીરામલ એન્ટરપ્રાઈઝ અત્યારે રૂ. ૨૭૨૫ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૨૭૬૭ અને તે પછીના ઉછાળે રૂ. ૨૮૭૮નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત.

શોર્ટટર્મ ખેલાડીઓ અત્યારે **જ્યુબીલન્ટ ફુડ**ના શેરમાં સક્રિય થયા છે. એમ જોઈએ તો આ શેરમાં વેલ્યૂએશન અતિશય મોંઘું છે તેમ છતાં શોર્ટટર્મ સટોડિયાઓ રૂ. ૩૭૮૨વાળા આ શેરને ઝડપથી ઊંચકી રૂ. ૩૮૦૮ અને તે પછી રૂ. ૩૮૯૮ સુધી ઊંચકી દેશે તેવી ગણતરી છે. થોડુંક સંભાળીને કામ કરવામાં પૈસા મળી શકશે.

**આલ્કેમ લેબ** છેલ્લા થોડા અઠવાડિયાથી ચાલતો હતો. સોમવાર અને મંગળવારે ઘટ્યા પછી અત્યારે આલ્કેમનો શેર રૂ. ૩૬૫૭ ઉપર ચાલે છે અને આ શેરમાં કરેકશન પછી તેજી હવે વધારે લાંબી ચાલે તે સંભાવના મજબૂત છે. આગામી દિવસોમાં રૂ. ૩૭૧૭ અને તે પછી રૂ. ૩૭૮૭નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે અને તે પછીના ઉછાળે રૂ. ૩૮૩૮નો ભાવ પણ જોવા મળી જાય.

રીટેઈલના ક્ષેત્રમાં મજબૂત પોઝિશન ધરાવતી **ડીમાર્ટ**ના શેરમાં કરંટની વાત અગાઉ દર્શાવેલી અને લેવાનું પણ કહ્યું હતું. ડીમાર્ટ અત્યારે રૂ. ૩૫૯૪ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૩૬૯૬ અને તે પછી રૂ. ૩૮૧૮નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

નાના શેરોની વાત તો પ્રથમ કરી નાખીએ અને તેમાં **મેક્સ વેન્ચર** ખાસ ધ્યાન ખેંચે છે. અંક નંબર ૧૮માં બીજી ઓગસ્ટે, રૂ. ૯૩ના ભાવે આ શેર લેવડાવ્યો હતો અને અત્યારે રૂ. ૧૦૫ ઉપર આવ્યો છે તે જ પ્રકારે **એલિકોન એન્જિનિયરીંગ**નો શેર પણ દર્શાવ્યો હતો. આ શેર અત્યારે રૂ. ૧૬૧ ઉપર છે અને તેમાં રૂ. ૧૮૧ થઈ જતા વાર નહિ લાગે.

રિલાયન્સ હસ્તકની કહી શકાય તેવી **જીટીપીએલ**માં અત્યારે રૂ.૨ ૪૦નો ભાવ છે અને આગામી દિવસોમાં તે શેરમાં ખૂબ સુંદર ઉછાળાની જગ્યા છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

અમદાવાદની **નંદન ડેનિમ**નો શેર અત્યારે રૂ. ૮૪ ઉપર આવી ગયો છે. ટેક્ષટાઈલ ઉદ્યોગની આ કંપનીમાં ચાલુ વર્ષે બમ્પર નફાની ગણતરી છે અને તેથી ભાવ ઝડપથી ૯૪ થઈ જતા વાર નહિ લાગે.

**ડીસીએમ નોવિલ**નો શેર અત્યારે રૂ. ૨૪૧ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૨૭૦ના ભાવની સંભાવના મજબૂત છે.

રીયલ એસ્ટેટના સેક્ટરમાં કામકાજ કરતી **એનઆર અગ્રવાલ**નો શેર અત્યારે રૂ. ૩૪૦ ઉપર ચાલે છે અને આ શેરમાં પણ તોતીંગ ઉછાળાની જગ્યા છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

**ટેક્સમો પાઈપ**નો શેર રૂ. ૫૪ ઉપર પડી રહ્યો છે અને આગામી દિવસોમાં ભાવ ઝડપથી વધીને રૂ. ૬૪ આવી જવાની ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

ચાના બગીચા ધરાવતી **વિલિયમસન મેગર**નો શેર અત્યારે રૂ. ૨૪ ઉપર ચાલે છે. ચાના બગીચામાં ઘણા વર્ષોથી નફાશક્તિ ઠંડી હતી, પરંતુ આ વખતે ચામાં જોરદાર તેજી છે અને તે પાછળ આ શેરમાં ઝડપથી રૂ. ૩૦નો ભાવ આવી જાય તો નવાઈ નહિ લાગે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **બાટા ઇન્ડિયા**ના શેરમાં વધ્યું છે. પરિણામો બાજુ પણ નુકસાનમાં છે. તેમ છતાં રૂ. ૧૭૦૫વાળા આ શેરમાં ધીરે ધીરે રૂ. ૧૮૦૦ થવાની ગણતરી છે અને તેમાં થોડાક શેરોનું કામકાજ કરી શકાય.

**કેસ્ટ્રોલ**નો શએર અત્યારે મંદીની ઝપટમાં છે. છેલ્લા ચાર વર્ષથી આ શેરે કોઈ જ રિટર્ન નથી આપ્યું અને અત્યારે રૂ. ૧૩૫ના ભાવથી પણ ઘટીને રૂ. ૧૨૫ થઈ જાય તો નવાઈ નહિ લાગે.

ગયા વર્ષે સુંદર ઉછાળો બતાવ્યા પછી **જીએમઆર ઇન્ફ્રા**ના શેરમાં અત્યારે પ્રોફિટ બુકીંગ ચાલી રહ્યું છે. રૂ. ૨૮ ઉપરના આ શેરમાં રૂ. ૨૬ના ભાવની ગણતરી, તેવી જ રીતે શોર્ટટર્મ એન્ગલથી **બેંક ઓફ ઇન્ડિયા, એનબીસીસી, ગ્લેનમાર્ક, આઈડીએફસી ફર્સ્ટ બેંક, એલઆઈસી હાઉસીંગ ફિનાન્સ, રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આરબીએલ બેંક** અને **અદાણી પાવર**ના શેરોમાં નબળાઈનો તબક્કો ચાલે છે અને તેમાં ભાવ ઘટવાની સંભાવના મજબૂત.

**ફેડરલ બેંક**ના શેરમાં પણ અનેક ફંડ મેનેજરો રોકાણની વાત કરી રહ્યા છે પરંતુ અમારી ગણતરી મુજબ ફેડરલ બેંકનો શેર હજી મંદીની પકડમાં છે. અત્યારનો રૂ. ૮૫ ઉપરનો આ શેર આગામી દિવસોમાં ઘટીને રૂ. ૮૦-૮૨ ઉપર આવી જવાની ગણતરી.

તેવી જ રીતે **યુનિયન બેંક, બર્જર પેઇન્ટ, ચૌલામંડલમ્ ફિનાન્સ, અમરરાજા બેટરી**ના શેરો પણ અત્યારે મંદીની પકડ હેઠળ છે અને તેમાં નવા અઠવાડિયા દરમ્યાન ભાવ થોડોક દબાઈ જવાની સંભાવના મજબૂત છે.

રૂ. ૬૬૦ ઉપર આવી ગયેલા **યુનાઇટેડ સ્પીરીટ**ના શેરમાં ધીરે ધીરે ભાવ વધતો જવાની ગણતરી અને તેથી ધીરે ધીરે શોર્ટટર્મ અને ઇનવેસ્ટમેન્ટ બંને એન્ગલથી તે શેર ઉપર ફોકસ કરી શકાય. તે જ પ્રકારે **ડાબર**ના શેરમાં પણ ટૂંકાગાળામાં ઉછાળાની જગ્યા છે અને તેથી તે શેર ઉપર પણ ફોકસ કરી શકાય.

સામે પક્ષે રૂ. ૩૭૧ ઉપરના **બાયોકોન,** રૂ. ૧૧.૯૦ ઉપરના **યસ બેંક,** રૂ. ૭૬૧ના ભાવના **અરવિંદો ફાર્મા**ના શેરમાં પણ ટ્રેન્ડ ઘટાડાનો છે અને ભાવ વધારે ઘટે તો નવાઈ નહિ લાગે.

**શ્રીરામ સિટી યુનિયન ફાઇનાન્સ**નો શેર રૂ. ૨૧૫૮ ઉપર ચાલે છે અને તેમાં ખૂબ સુંદર ઉછાળાની ગણતરી છે.

ગયા અઠવાડિયે સુંદર પરિણામો જાહેર કરનાર **પંજાબ કેમિકલ્સ એન્ડ ક્રોપ પ્રોટેકશન**નો શેર અત્યારે રૂ. ૧૬૪૮ ઉપર આવી ગયો છે અને આ શેરમાં લાંબી તેજીની જગ્યા છે. થોડાક શેરો લઈને મૂકી શકાય. તે જ પ્રકારે રૂ. ૧૧૬ ઉપરની **સ્ટાર સિમેન્ટ** ઉત્તર પૂર્વીય ભારતમાં ખૂબ સુંદર કામકાજ ધરાવે છે. ઘણા સમયથી આ શેર રૂ. ૯૦ ઉપર પડી રહ્યો હતો. અત્યારે રૂ. ૧૧૬ ઉપર આવ્યો છે અને આ શેરમાં થોડીક તેજી લાંબી ચાલવાની ગણતરી.

અમદાવાદની **ગણેશ હાઉસીંગ**ના શેરમાં પણ કરંટ શરૂ થયો છે. અત્યારે રૂ. ૧૨૪ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં ધીરે ધીરે ભાવ વધતો જવાની ગણતરી, નાનું કામકાજ કરી શકાય.

**કેપીઆઈટી ટેકનોલોજી** ઓટોમોબાઈલના સોફ્ટવેર બનાવે છે અને તે શેરમાં આકર્ષણ છે. આવતા થોડા દિવસોમાં આ શેર ઝડપથી રૂ. ૩૬૨ ઉપર આવી જવાની સંભાવના.

છેલ્લા થોડા સમય દરમ્યાન **તેજસ નેટ**ના શેરે ખૂબ સુંદર ઉછાળો બતાવ્યો છે. તેજસ નેટમાં મોટું ગ્રૂપ દાખલ થાય છે તે સમાચાર પાછળ રૂ. ૨૦૦ અંદર રહેતો શેર રૂ. ૪૧૭ ઉપર આવ્યો છે. આ શેરમાં પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવું, ગમે ત્યારે કરેકશન શરૂ થઈ જવાની સંભાવના.

રૂ. ૨૧૩ના ભાવના **ઓલકાર્ગો ગ્લોબલ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે અને તેમાં પણ થોડુંક રોકાણ કરી શકાય.

**વિનાઈલ ઇન્ડિયા**નો શેર લેવાની વાત કરી હતી અને વધીને રૂ. ૨૦૯ ઉપર આવ્યો છે. અડધા શેરો આ તબક્કે વેચીને બાકીના અડધા શેરો એક અઠવાડિયાથી દસ દિવસ માટે જાળવી રાખો અને તે પછી કરેકશન શરૂ થવાની ગણતરી.


**જ્યુબીલન્ટ ઇન્ડસ્ટ્રીઝ**ના શેરમાં સુંદર ઉછાળો જોવાયો છે. અત્યારના રૂ. ૫૭૬ ઉપર આવેલા શેરમાં ગમે ત્યારે પ્રોફિટ બુકિંગ શરૂ થઈ જશે અને વધારે ખેંચવામાં મજા નથી.

**વીઆરએલ લોજિસ્ટિક** અત્યારે રૂ. ૩૩૨ ઉપર છે અને આ કંપની ભારતમાં સૌથી મોટા ટ્રાન્સપોર્ટર તરીકે ટ્રકોનો અતિશય વિશાળ કાફલો ધરાવે છે. ટ્રકોનો બિઝનેસ હવે નોર્મલ થયો હોવાથી આ કંપનીની નફાશક્તિ વધશે તે આશાવાદ વધ્યો છે. રૂ. ૩૩૨ વાળા આ શેરમાં તોતીંગ ઉછાળા સાથે રૂ. ૩૬૨નો ભાવ ક્યાં આવી જશે તે પણ ખબર નહિ પડે.


## ડે-ટ્રેડીંગમાં કેવી રીતે કમાવાય ?

ખૂબ જ ઓછા મૂડીરોકાણથી સારું કમાઈ લેવા માટે શેરબજારના લગભગ ૫૦ ટકા સોદાઓ ડે-ટ્રેડીંગના થાય છે અને ડે-ટ્રેડીંગમાં કેવી રીતે શેર પસંદ કરવો અને ક્યારે તેમાં એન્ટ્રી લેવી તે અંગેની વિસ્તૃત સમજ આપતું આ અંગ્રેજી પુસ્તક છે. અને અમારા દ્વારા રૂ. ૨૯૫ની મૂળ કિંમતનું આ પુસ્તક ખાસ ડિસ્કાઉન્ટ કિંમતમાં ઓફર થયું છે. રૂ. ૨૯૫-૨૫ = રૂ. ૨૭૦

ઓનલાઇન ખરીદો GyanPothi.com




## શેરબજારનું ટેકનિકલ એનાલિસીસ સમજો

ચાણક્યના દર અંકમાં ચાર્ટ એનાલિસીસ આપીએ છીએ. આ એનાલિસીસ સમજવા ડો. હર્ષદ કામદાર લિખિત એક ગુજરાતી પુસ્તક રસપ્રદ છે. ડો. હર્ષદ કામદાર દ્વારા સરળ ભાષામાં ચાર્ટ એનાલિસીસની સમજ આપી છે. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ રૂ. ૧૫ ડિસ્કાઉન્ટ રૂ. ૧૦૫




## ધ ઇન્ટેલિજન્ટ ઇન્વેસ્ટર

આ પુસ્તક અત્યારે અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકને શેરબજારના બાઈબલ તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે અને શેરબજાર અંગે કશું પણ શીખવા માંગતા ઇન્વેસ્ટરે આ પુસ્તક ભલે વાંચો નહિ પરંતુ દરરોજ રાત્રે માથા નીચે મૂકીને સૂઈ જવા માટે યોગ્ય કહી શકાય.

બેન્જામિન ગ્રેહામ દ્વારા લખાયેલા આ પુસ્તકનો વિસ્તૃત અભ્યાસ વિશ્વના સૌથી ધનાઢ્ય ઇન્વેસ્ટર વોરેન બફેટ દ્વારા કરવામાં આવ્યો હતો અને આ પુસ્તકની એકેએક સલાહ વોરન બફેટે તેમના જીવનમાં અપનાવી છે અને કદાચ તેને કારણે તેઓ જોરદાર સફળ થયા.


આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ કિંમત રૂ. ૭૫૦




ઓનલાઇન ખરીદો GyanPothi.com
GooglePay ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે
પેટીએમ ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે



## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
તદ્દન ફ્રી
staffavailable.com



## POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN :L17299GJ1993PLC032905
Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810
Phone No.079-26427800 FAX No.079-26421864
Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

Statement of Unaudited Financial Results for the Quarter Ended June 30, 2021

(Rupees in Lakhs)

| SR. NO. | PARTICULARS | Quarter Ended | | | Year Ended |
|---|---|---|---|---|---|
| | | 30.06.2021 (Unaudited) | 31.03.2021 (Audited) | 30.06.2020 (Unaudited) | 31.03.2021 (Audited) |
| 1 | Total Revenue from operations | 668.43 | 1,193.67 | 516.14 | 3,743.16 |
| 2 | Profit/(loss) before tax , exceptional and /or extraordinary items | (20.73) | 82.19 | (2.06) | 148.42 |
| 3 | Profit/(loss) before tax (after exceptional and / or extraordinary items) | (20.73) | 82.19 | (2.06) | 148.42 |
| 4 | Net Profit after Tax (after exceptional and /or extraordinary items) | (14.64) | 74.44 | (1.11) | 119.30 |
| 5 | Total Comprehensive Income for the period | (14.64) | 77.32 | (1.27) | 121.70 |
| 6 | Paid up Equity share capital (Face value Rs. 5 each) | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 |
| 7 | Other Equity | | | | 1,353.45 |
| 8 | Earnings per share (not annualised) of Rs.5/- Each) | | | | |
| | (a) Basic (Rs) | (0.07) | 0.34 | (0.005) | 0.54 |
| | (b) Diluted (Rs) | (0.07) | 0.34 | (0.005) | 0.54 |

Notes :

1. The above unaudited financial results were reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 14th August, 2021 as required under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The statutory auditors have carried out limited review of the above results for the quarter ended June 30, 2021. A Limited Review report has been issued by them thereon and is being filed with the Bombay Stock Exchange.

2. The above is an extract of the detailed format of the Un-audited financial results for the First Quarter ended 30th June, 2021 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Un-audited financial results along with Limited Review report is available under Investors section of our website at www.polylinkpolymers.com and under Financial Results at Corporate section of www.bseindia.com.

By order of the board
For, Polylink Polymers (India) Limited
Sd/-
RAVIPRAKASH GOYAL
WHOLE TIME DIRECTOR
DIN : 00040570

Date : 14th August, 2021
Place : Ahmedabad


## ગામની ગપસપ

- **ફર્સ્ટ સોલ્સ સોલ્યુશન,** રૂ. ૨૦-૪૦ વચ્ચે રહેતો આ શેર અત્યારે રૂ. ૧૯૭ ઉપર આવી ગયો છે. નફાશક્તિમાં સુંદર ઉછાળો, વેલ્યૂએશન ચોક્કસપણે થોડુંક મોંઘું છે પરંતુ રોકાણ જાળવી શકાય. ધીમા સુધારા સાથે રૂ. ૨૨૦ના ભાવની ગણતરી.
- **ચેલેટ હોટલ,** મુંબઈમાં ભવ્ય હોટલો ધરાવે છે. શેર અત્યારે ફક્ત રૂ. ૧૭૪ ઉપર, શોર્ટટર્મમાં ભલે મોટો ઉછાળો ન જોવાય, ધીમા સુધારા સાથે રૂ. ૨૧૫ના ભાવની સંભાવના મજબૂત.
- **અપાર ઇન્ડસ્ટ્રીઝ,** ખાસ પ્રકારના કેબલનું કામકાજ, અને આ કેબલ લિફ્ટમાં મોટા પાયે વપરાય છે. રૂ. ૬૩૨નો ભાવ, અત્યારના ભાવે આ શેરમાં નાનું રોકાણ કરી દેવાય, રીરેટીંગ સાથે રૂ. ૧૦૦ વધવાની ગણતરી, રૂ. ૭૩૨ જોવા મળે.
- **એક્શન કન્સ્ટ્રક્શન,** વિવિધ પ્રકારની ક્રેઈનના ઉત્પાદનમાં મોટું નામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર સાથે કંપનીનો સીધો સંબંધ, આગામી સમયગાળામાં ક્રેઈનના વેચાણોમાં તોતીંગ ઉછાળો જોવાય, અત્યારે કેવળ ૨૩નો રેશિયો ચાલે છે. રીરેટીંગ સાથે રૂ. ૨૭૨ના ભાવની ગણતરી.
- **નિયોજન કેમિકલ્સ,** રૂ. ૯૬૮ ઉપર ભાવ આવી ગયો છે. આઈપીઓ પછી આ શેરે સુંદર રિટર્ન આપ્યું, નફાશક્તિ પણ જોરદાર, જૂનું રોકાણ જાળવી શકાય, ધીમા સુધારા સાથે રૂ. ૧૦૦ના ઉછાળાની ગણતરી.
- **ફિલિપ્સ કાર્બન,** આર.પી. ગોયંકા ગ્રૂપની આ કંપનીમાં નફો જોરદાર છે. રૂ. ૨૪ની શેરદીઠ કમાણી, બજારભાવ બુકવેલ્યૂ રેશિયો પણ એકદમ નીચો, રૂ. ૧૫૩ના ભઆવે થોડાક શેરો લઈને મૂકી દો, રીરેટીંગ સાથે રૂ. ૩૦૦ ઉપરનો ભાવ જોવા મળે.
- **ઓરીએન્ટ સિમેન્ટ,** સી.કે. બિરલા ગ્રૂપની કંપની અને પૂર્વ ભારતના માર્કેટમાં આ કંપનીની અતિશય મજબૂત પોઝિશન, વિસ્તરણ કરી રહી છે. શેર અત્યારે રૂ. ૧૬૧ ઉપર, ૧૦૦-૨૦૦ શેર લઈને મૂકી દેવાય, સુંદર ઉછાળા સાથે રૂ. ૨૦૦-૨૨૦ના ભાવની ગણતરી.
- **લેમન-ટ્રી હોટલ,** મુંબઈમાં હોટલો હવે ફરી એક વખત ઝડપથી કાર્યરત થઈ જવાની ગણતરી. અનલોકડાઉનની અસર હેઠળ ટુરીઝમમાં પણ સુધારો, લેમન-ટ્રી અત્યારે ફક્ત રૂ. ૩૯ ઉપર ચાલે છે. બુકવેલ્યૂની સરખામણીમાં પણ ભાવ ઘણો નીચો, એકદમ શોર્ટટર્મ એન્ગલથી નહિ પરંતુ ૬થી ૧૨ મહિનાના એન્ગલથી થોડાક શેરો લઈને મૂકી દેજો, નાખી દેતા ૪૦થી ૫૦ ટકા રિટર્નની જગ્યા.
- **જે.કે. પેપર,** રૂ. ૨૬૮વાળો આ શેર ધ્યાનમાં રખાય. ખાંડ પછી હવે સટોડિયા કાગળ ઉદ્યોગના શેરો ઉપર સક્રિય અને જે.કે. પેપર તેમાં ટોચનું નામ, બજારભાવ અને બુકવેલ્યૂનો રેશિયો કેવળ ૧.૭૦ ઉપર છે, રીરેટીંગ સાથે રૂ. ૩૨૦ના ભાવની સંભાવના મજબૂત, પચાસેક શેર લઈને મૂકી શકાય.
- **મહિન્દ્રા લોજિસ્ટિક,** ઈ-કોમર્સના ક્ષેત્રમાં આ કંપનીની જોરદાર કામગીરી, અનેક ઈ-કોમર્સ ખેલાડીઓ માટે માલ ડિલિવરીનું કામ આ કંપની દ્વારા થઈ રહ્યું છે. ટ્રાન્સપોર્ટ વાહનો અને વેરહાઉસીંગમાં મોટું રોકાણ, ન્યુએજ કંપની પણ ગણી શકાય. રૂ. ૩૦૦-૪૦૦ વચ્ચેના ભાવે લેવડાવેલો, અત્યારે રૂ. ૬૮૨ થઈ ગયો છે, જાળવી રાખજો અને તેમાં મધ્યમગાળે રૂ. ૮૦૦ના ભાવની સંભાવના મજબૂત.
- **રામકો ઇન્ડસ્ટ્રીઝ,** રામકો સિમેન્ટવાળાની કંપની, સિમેન્ટ શીટ અને સિમેન્ટ પાઈપનું કામકાજ, અત્યારે રૂ. ૩૦૪ ઉપર આવી ગયો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને કારણે માંગમાં સુંદર ઉછાળો, વેલ્યૂએશન ખૂબ જ આકર્ષક, રીરેટીંગ સાથે રૂ. ૩૬૬ના ભાવની ગણતરી.
- **કેપીઆઈટી ટેકનોલોજી,** ઓટોમોબાઈલ માટેના વિવિધ પ્રકારના સોફ્ટવેરો બનાવે છે અને હવે ઓટોમોબાઈલના વેચાણો વધ્યા છે અને સાથે સાથે નવા વાહનોમાં અસંખ્ય પ્રકારના સોફ્ટવેર પણ વપરાય છે. કેપીઆઈટી પાસે જોરદાર ઓર્ડરો અને અન્ય આઈટી કંપનીઓની સરખામણીમાં ભાવિ અતિશય મજબૂત, રૂ. ૩૧૮ના ભાવે જાળવી શકાય. આંકડાની અદલાબદલી પણ નક્કી છે. રૂ. ૩૮૧ પણ બતાવે.
- **વેલસ્પન ઇન્ડિયા,** ટેક્ષટાઈલ ઉદ્યોગનો શેર અને આ વર્ષ ટેક્ષટાઈલ કંપનીઓ માટે જોરદાર, નફામાં સુંદર ઉછાળો, રૂ. ૪૫ના તળિયેથી વધીને અત્યારે રૂ. ૧૩૨ ઉપર તો આવી ગયો, જાળવી રાખજો, સુંદર ઉછાળા સાથે રૂ. ૧૬૧ના ભાવની ગણતરી.
- **પરાગ મિલ્ક ફુડ,** આ શેરમાં જોવાતું આકર્ષણ, જૂન ક્વાર્ટરમાં રૂ. ૪૨૬ કરોડના વેચાણો ઉપર રૂ. ૧૭ કરોડનો નેટનફો, રૂ. ૧૨૯ના ભાવે ખોટો નથી. ધીમા સુધારા સાથે રૂ. ૧૬૦ના ભાવની સંભાવના મજબૂત.
- **બિરલા સોફ્ટ,** સોફ્ટવેરના ક્ષેત્રમાં આ મીડસાઈઝ કંપનીમાં સુંદર ફેન્સી, રૂ. ૧૪૨ના તળિયેથી વધીને અત્યારે રૂ. ૪૨૩ ઉપર આવી ગયો છે. ૫૧નો પીઈરેશિયો, વેલ્યૂએશન થોડુંક મોંઘું, આંશિક પ્રોફિટ બુકિંગ શરૂ કરી દેવું ખોટું નહિ.
- **જીએફએલ લિમિટેડ,** અગાઉ ગુજરાત ફ્લુરો કેમિકલ્સ નામ ધરાવતી હતી. તેમ છતાં આ શેરમાંથી આકર્ષણ ડાઉન, અત્યારના રૂ. ૬૮ના ભાવે કરંટ નહિવત. પ્રોફિટ બુકિંગ કરીને શિફ્ટ થઈ જવાય.
- **સ્ટાર સિમેન્ટ,** ઉત્તર પૂર્વીય ભારતના માર્કેટમાં અતિશય મજબૂત પોઝિશન, એસીસીનું રોકાણ, રૂ. ૧૧૧ ઉપર આવ્યો છે. નફામાં સુંદર ઉછાળાની જગ્યા. ધીમા સુધારા સાથે રૂ.૧૨૫-૧૩૦નો ભાવ જોવા મળે.
- **ઈઆઈડી પેરી,** ખાંડના ધંધાની સૌથી મજબૂત કંપની, શેર અત્યારે રૂ. ૩૯૭ ઉપર, ચાલુ વર્ષ ખાંડ કંપનીઓ માટે એકદમ તેજીનું, ઈથેનોલને કારણે શેરડીની ઉપલબ્ધિ ઘટી અને આંતરરાષ્ટ્રીય બજારમાં પણ ખાંડના ભાવ ભારે તેજીમાં, રૂ. ૪૯ની શેરદીઠ કમાણી સામે શેર અત્યારે કેવળ રૂ. ૩૯૮ ઉપર ચાલી રહ્યો છે. મરુગપ્પા ગ્રૂપની કંપની, દસેક શેર લઈને મૂકી શકાય. રૂ. ૪૭૦નો ભાવ જોવા મળવાની સંભાવના.